**શિક્ષણ વિભાગ દ્વારા લેવાતી શિક્ષણ સેવા (વર્ગ 1-2-3) તેમજ ખાતાકીય પરીક્ષાની તૈયારી માટે**

**સંપૂર્ણ પરિરૂપ અને અભ્યાસક્રમ મુજબ ની કરો તૈયારી શિક્ષણ સાગર ને સંગ**

# કેળવણી નિરીક્ષક (A.E.I.)

( સીધી અને બઢતી પરીક્ષા માટે )

**સંપાદક**

## શિક્ષણ સાગર ટીમ

**કિંમત- રૂ. 700/-**

આ પુસ્તકની ઓનલાઈન ખરીદી કરવા માટે WWW.ZEELMEEL.COM ની મુલાકાત લ્યો

# બીટ કેળવણી નિરીક્ષક

📗 શિક્ષણ મા ભવ્ય સફળતા બાદ શિક્ષણ સાગર લઈને આવ્યું છે 💥 કેળવણી નિરીક્ષક(AEI) પરીક્ષા ની શિક્ષણ સાગર સંપાદિત 2023 લેટેસ્ટ બુક.

🔶 ગુજરાત મા પ્રથમ વખત સંપૂર્ણ અભ્યાસક્રમ ને આવરી લેતી કેળવણી નિરીક્ષક અને શિક્ષણ વિભાગની સીધી ભરતી અને બઢતી પરીક્ષા માટે ઉપયોગી બુક.

📓 બુકની કિંમત રૂ. – 700

🙎 ડીસ્કાઉન્ટ રૂ. – 200

**ઓનલાઇન કિંમત રૂ. – 500**

આપની ઓનલાઇન ખરીદી પર કુરીયર ચાર્જ ફ્રી રહેશે

📘 બુક નો ઓનલાઇન 👇 ઓર્ડર કરવા માટે

**અહી ક્લિક કરો**

🙏 તમામ શિક્ષક મિત્રો સુધી પહોચાડો 🙏

## કેળવણી નિરીક્ષક (A.E.I.) તથા અન્ય ખાતાકીય પરીક્ષા માટે સંપૂર્ણતઃ અદ્યતન પરીક્ષા – પદ્ધતિ મુજબ તૈયાર કરેલ ઉત્તમ સહાયક અને માર્ગદર્શક પુસ્તક

**આ પુસ્તકની આગવી વિશેષતાઓ :**

- અધ્યતન પરીક્ષા પદ્ધતિ મુજબ અભ્યાસક્રમનું માર્ગદર્શન
- કેળવણી નિરીક્ષક માટેના અભ્યાસક્રમ મુજબ દ્વિતીય વિભાગ માટેનું સંપૂર્ણ માર્ગદર્શન
- ખુબ ઓછા સમયમાં સંપૂર્ણ તૈયારી કરવા માટેનું ઉત્તમ પુસ્તક
- છેલ્લા એક વર્ષના શૈક્ષણિક વર્તમાન પ્રવાહો (કરંટ અફેર્સ)નો સમાવેશ
- પ્રેક્ટીસ માટે ત્રણ આદર્શ પ્રશ્નપત્રનો સમાવેશ (જવાબ સાથે)
- પરીક્ષાલક્ષી વન લાઇનર પ્રશ્નોનો સમાવેશ
- વિષયવસ્તુ સરળતાથી યાદ રહી જાય તે માટે દરેક વિષયનું નોટ્સ સ્વરૂપે લખાણ
- અગત્યના તમામ એક્ટ ની વિશેષ સમજુતી (પરીક્ષાલક્ષી)
- બઢતી અને સીધી એમ બંને ભરતી માટે ખુબ ઉપયોગી પુસ્તક

આ પુસ્તકની ઓનલાઈન ખરીદી કરવા માટે WWW.ZEELMEEL.COM ની મુલાકાત લ્યો

## ઓગસ્ટ ૨૦૨૩ માં આવેલ (બઢતી માટે) નોટીફીકેશન મુજબ આ પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબ છે

### વિભાગ 1  સામાન્ય અભ્યાસ

1. ભારત ની ભૂગોળ – પ્રાકૃતિક,આર્થિક,સામાજિક,કુદરતી સંસાધનો અને વસ્તી સબંધિત બાબતો- ગુજરાત ના ખાસ સંદર્ભ માં
2. ભારત નો ઇતિહાસ- ગુજરાત ના ખાસ સંદર્ભ માં
3. સામાન્ય બૌધ્ધિક ક્ષમતા
4. ભારત નું બંધારણ- મૂળભૂત અધિકારો અને રાજ્ય નીતિ ના માર્ગદર્શક સિધ્ધાંતો
5. સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ,ict સબંધિત બાબતો
6. વર્તમાન પ્રવાહો

### વિભાગ 2- વહીવટી વિષય

1. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ( પ્રકરણ 3- કલમ- 13 જિલ્લા શિક્ષણ બોર્ડ ની સતા ,ફરજો અને કાર્યો, કલમ- 17 અધિકૃત નગર પાલિકા ની ફરજો અને કાર્યો, કલમ- 18- મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ ની સતા અને કાર્યો - 5,કલમ- 20 થી 24 ,પ્રકરણ- 7 કલમ- 38 ,પ્રકરણ -7B કલમ 40 બ ,કલમ-40 ક ,પ્રકરણ-9 ,કલમ- 48 થી 51)
2. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 (પ્રકરણ-5 વહીવટી મશીનરી, પ્રકરણ-9 કલમ 48(1) હેઠળ નિયુક્ત અધિકારીઓ ની સતા અને ફરજો, પ્રકરણ -11 બ- વિવિધ- પ્રોવિડન્ટ ફંડ,ગ્રેજ્યુઇટી,પેન્શન વગેરે)
3. ભારત માં શિક્ષણ નીતિ ઓ ,NEP 2020
4. ગુજરાત માં પ્રાથમિક શિક્ષણ નું માળખું
5. પ્રાથમિક શિક્ષણ સબંધિત કેન્દ્ર અને રાજ્ય સરકાર ની વિવિધ યોજના ઓ
6. પ્રાથમિક શિક્ષણ સાથે સબંધિત શૈક્ષણિક સંસ્થા ઓ નું માળખું,કાર્યો
7. ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ 2006
8. ગુજરાત મુલ્કી સેવા ( રજા) નિયમો 2002
9. ગુજરાત મૂકી સેવા ( પેન્શન) નિયમો 2002
10. વિવિધ શૈક્ષણિક સમિતિ ઓ અને પંચો
11. શૈક્ષણિક સબંધિત બંધારણીય જોગવાઈ ઓ
12. શિક્ષણ સાથે સબંધિત વર્તમાન પ્રવાહો અને પેડાગોજી
13. માહિતી અને સૂચના નો અધિકાર ( RTI) 2005
14. મફત અને ફરજિયાત શિક્ષણ નો અધિકાર અધિનિયમ ( RTE )2009
15. મફત અને ફરજિયાત શિક્ષણ નો અધિકાર નિયમો( RTE) 2012

**જાન્યુઆરી ૨૦૨૪ માં આવેલ (સીધી ભરતી માટે) નોટીફીકેશન મુજબ આ પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબ છે**

પેપર 1 સામાન્ય અભ્યાસ

કુલ પ્રશ્ન-50 mcqs કુલ ગુણ-50

અભ્યાસ ક્રમ ના મુદ્દા

1. ગુજરાતની ભૂગોળ-પ્રાકૃતિક, આર્થિક, સામાજિક, કુદરતી સંસાધનો અને વસ્તી ના ખાસ સંદર્ભમાં
2. ગુજરાત નો ઇતિહાસ- સાંસ્કૃતિક બાબતો, સ્થાપત્યો, સાહિત્ય
3. ભારત નું બંધારણ- મૂળભૂત અધિકારો અને ફરજો
4. ભારત નું બંધારણ- રાજ્ય નીતિ ના માર્ગદર્શક સિદ્ધાંતો
5. નીતિ આયોગ
6. સામાન્ય બૌધ્ધિક કસોટી
7. સામાન્ય વિજ્ઞાન,પર્યાવરણ, કમ્પ્યુટર અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી
8. વર્તમાન પ્રવાહો ( કરંટ અફેર્સ )

પેપર 2 મુખ્ય વિષય

કુલ પ્રશ્નો-150 mcq કુલ ગુણ-150

1. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947
2. મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ (rte )2009
3. સાક્ષરતા અભિયાન અને સતત શિક્ષણ નું મહત્વ
4. શિક્ષણ નીતિ ઓ, NEP 2020

5. શિક્ષણ સંસ્થા ઓ-ભૂમિકા, માળખું,કાર્યો
6. કેન્દ્ર અને રાજ્ય સરકાર ની પ્રાથમિક શિક્ષણ સબંધિત યોજનાઓ
7. ગુજરાત શિક્ષણ સંસ્થા સર્વિસ ટ્રિબ્યુનલ એક્ટ 2006
8. ગુજરાત મુલ્કી સેવા (રજા ) નિયમો 2002
9. ગુજરાત મુલ્કી સેવા ( પેન્શન) નિયમો 2002
10. સામાન્ય ભવિષ્ય નિધિ(GPF) નિયમો અને નવી પેન્શન યોજના
11. શિક્ષણ સબંધિત બંધારણીય જોગવાઈ ઓ
12. માહિતી અધિકાર અધિનિયમ 2005
13. શૈક્ષણિક મનોવિજ્ઞાન
14. વર્તમાન પ્રવાહો( કરંટ અફેર્સ)

## કેળવણી નિરીક્ષક સીધી ભરતી પરીક્ષા માળખું

✍ સીધી ભરતી માટે બે તબક્કામાં પરીક્ષા યોજાશે

✍ પ્રથમ તબક્કો પ્રિલિમ પરીક્ષા ( બહુ વૈકલ્પિક પ્રશ્નો ) આધારિત કસોટી રહેશે

✍ બીજો તબક્કો મુખ્ય પરીક્ષા( બહુ વૈકલ્પિક પ્રશ્નો અને વર્ણાત્મક પ્રશ્નો )

✍ પ્રિલિમ પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારો માંથી જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાઓના આશરે સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે બોલાવવામાં આવશે

✍ પ્રિલિમ પરીક્ષા નું પ્રશ્નપત્ર 200 ગુણનું રહેશે જેમાં 200 બહુ વૈકલ્પિક પ્રશ્નો રહેશે જેનો સમય 120 મિનિટનો રહેશે

✍ મુખ્ય પરીક્ષામાં બે પ્રશ્નપત્રો રહેશે બંને 100-100 માર્કસના રહેશે

✍ મુખ્ય પરીક્ષામાં પ્રથમ પ્રશ્નપત્ર - વર્ણનાત્મક પ્રશ્નોનું રહેશે જ્યારે બીજુ પ્રશ્નપત્ર બહુ વૈકલ્પિક પ્રશ્નો નું રહેશે

# અનુક્રમણિકા


## શિક્ષણ પંચો અને સમિતિઓ

| | |
|---|---|
| મેકોલે મિનીટ્સ | 1 |
| વુડ ડિસ્પેચ (વુડનો ખરીતો) | 2 |
| હન્ટર કમિશન | 3 |
| સેડલર કમિશન | 5 |
| અબોટ વુડ રીપોર્ટ | 5 |
| સાર્જેન્ટ રીપોર્ટ | 7 |
| એચીશન કમિશન | 8 |
| રોયલ કમિશન | 9 |
| રેલીઘ કમિશન | 9 |
| યુનિવર્સિટી એક્ટ | 10 |
| સરકારનો પ્રસ્તાવ | 10 |
| હાર્ટોન્ગ સમિતિ | 11 |
| વર્ધા યોજના | 12 |
| ઝાકિર હુસેન કમિટી | 13 |
| તેજ બહાદુર સપ્રુ સમિતિ | 14 |
| રાધાકૃષ્ણ આયોગ (વિશ્વ વિધાલય આયોગ) | 15 |
| દુર્ગાબાઇ દેશમુખ સમિતિ | 18 |
| મુદલિયાર કમિશન(માધ્યમિક શિક્ષણ આયોગ) | 18 |
| કોઠારી કમિશન | 21 |
| શિક્ષણ કાર્યદળ | 23 |
| યશપાલ સમિતિ | 24 |
| સંશોધિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ | 26 |
| આચાર્ય રામમૂર્તિ સમિતિ(1990) | 27 |
| જનાર્દન રેડ્ડી સમિતિ | 29 |
| રાષ્ટ્રીય જ્ઞાન આયોગ | 30 |
| જસ્ટિસ વર્મા સમિતિ | 31 |

## શિક્ષણ નો ઇતિહાસ અને શિક્ષણ નીતિઓ

| | |
|---|---|
| પ્રાચીન ભારત ની શિક્ષણ વ્યવસ્થા | 32 |
| મધ્યયુગીન ભારત ની શિક્ષણ વ્યવસ્થા | 33 |
| આધુનિક ભારત ની શિક્ષણ વ્યવસ્થા | 33 |
| કોઠારી કમિશન | 34 |
| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1968 | 35 |
| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 | 37 |
| સંશોધિત શિક્ષણ નીતિ 1992 | 39 |
| ઓપરેશન બ્લેક બોર્ડ | 41 |
| નવોદય વિધ્યાલય | 42 |
| મધ્યાહ્ન ભોજન યોજના | 43 |
| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 | 44 |
| ટૂંકાક્ષરી નામો ( NEP 2020 સબંધિત) | 52 |

## શિક્ષણ સંસ્થાઓ અને શિક્ષણનું માળખું

| | |
|---|---|
| શિક્ષણ વિભાગ | 54 |
| પ્રાથમિક શિક્ષણ નિયામક | 59 |
| શાળા ઓ ના કમિશ્નર ની કચેરી | 62 |
| સમગ્ર શિક્ષા અભિયાન ની કચેરી | 63 |
| રાજ્ય પરીક્ષા બોર્ડ | 66 |
| ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ | 68 |
| સાક્ષરતા અને નિરંતર શિક્ષણ ની કચેરી | 69 |
| જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ | 70 |
| જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી ની ફરજો | 70 |
| નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | 72 |
| શાસનાધિકારી શ્રી ની ફરજો અને કાર્યો | 72 |
| કેળવણી નિરીક્ષક શ્રી ની ફરજો અને કાર્યો | 72 |
| તાલુકા પ્રા શિક્ષણાધિકારી શ્રી ની ફરજો | 73 |
| બીઆરસી કો ઓ. શ્રી ની ફરજો અને કાર્યો | 74 |
| સીઆરસી કો ઓ. શ્રી ની ફરજો અને કાર્યો | 75 |

## શૈક્ષણિક યોજનાઓ

| | |
|---|---|
| જ્ઞાનકુંજ યોજના | 77 |
| જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના | 77 |
| જ્ઞાન સેતુ યોજના | 78 |
| રક્ષા શક્તિ સ્કૂલ યોજના | 79 |
| PMSRI યોજના | 80 |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ઈન્સ્પાયર્ડ એવોર્ડ યોજના | 81 |
| ખેલ મહાકુંભ | 82 |
| શક્તિદુત યોજના | 82 |
| ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કુલ યોજના | 83 |
| એકલવ્ય મોડેલ રેસિડેન્ટલ શાળા યોજના | 83 |
| દૂધ સંજીવની યોજના | 83 |
| વિધાલક્ષ્મી બોન્ડ યોજના | 84 |
| મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના | 84 |
| સરસ્વતી સાધના યોજના | 85 |
| વિક્રમ સારાભાઈ શિષ્યવૃત્તિ યોજના | 85 |
| પીએમ યશસ્વી સ્કોલરશીપ યોજના | 85 |
| DISE | 86 |
| કૃષિ યુનીવર્સીટી | 86 |
| GUJARAT OPEN SCHOOL | 86 |
| પૂર્ણા યોજના | 87 |
| સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ સહાય યોજના | 87 |
| બિન અનામત આયોગ તાલીમ સહાય યોજના | 87 |
| વહાલી દીકરી યોજના | 88 |
| બેટી બચાઓ બેટી પઢાઓ યોજના | 88 |
| વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન | 88 |
| કિરણ યોજના | 89 |
| પરીક્ષિતલાલ મજમુદાર પ્રિ એસએસસી શિષ્યવૃત્તિ યોજના | 89 |
| મુનિ મેતરાજ શિષ્યવૃત્તિ | 89 |
| પ્રી મેટ્રિક્સ શિષ્યવૃત્તિ | 89 |
| સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય યોજના | 90 |
| સુકન્યા સમૃદ્ધિ યોજના | 90 |
| આધાર યોજના | 90 |
| બાલિકા સમૃદ્ધિ યોજના | 91 |
| વિધાદીપ યોજના | 91 |
| રાષ્ટ્રીય પોષણ મિશન | 92 |
| ટ્રાન્સપોર્ટેશન યોજના | 92 |
| મેરીટ કમ મીન્સ શિષ્યવૃતિ | 93 |


## શૈક્ષણિક સંસ્થાઓ ( પ્રાથમિક શિક્ષણ )


| | |
|---|---|
| NCERT | 94 |
| GCERT | 97 |
| DIET | 100 |
| CBSE | 103 |
| કેન્દ્રીય વિધાલય સંગઠન | 104 |
| રાષ્ટ્રીય બાલ ભવન | 105 |
| NCTE | 105 |
| CIET | 107 |
| NIOS | 107 |
| મોડેલ સ્કૂલ | 108 |
| સૈનિક સ્કૂલો | 108 |
| NUEPA | 109 |
| GIET | 110 |
| GSOS | 110 |
| CCRT | 111 |
| IASE | 112 |
| UGC | 113 |


## શૈક્ષણિક યોજનાઓ અને કાર્યક્રમો


| | |
|---|---|
| SOE | 114 |
| નિપુણ ભારત મિશન | 117 |
| પર્યાવરણ પ્રયોગશાળા | 118 |
| DIKSHA | 119 |
| NMMS | 120 |
| PSE exam | 121 |
| fit india | 121 |
| એક ભારત શ્રેષ્ઠ ભારત | 121 |
| PFMS | 122 |

# અનુક્રમણિકા


Digital Gujrat Platform 122
ગુણોત્સવ 123
મિશન વિદ્યા 125
પ્રજ્ઞા પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન 126
વિજ્ઞાન- ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 126
રમતોત્સવ 127
U-DISE 127
શાળા વ્યવસ્થાપન સમિતિ 128
શાળા વિકાસ યોજના (એસડીપી) 129
ઉજાસ ભણી કાર્યક્રમ 129
PRASHST APP 130
SMART attendance 130
મેરી મિટ્ટી મેરા દેશ અભિયાન 130
વીરગાથા પ્રોજેક્ટ 131
NAS 131
GAP 132
NPEGEL 132
KGBV 133
સંકલિત શિક્ષણ 134
ADEPTS 135
S.T.P. 136


## શૈક્ષણિક નિયમો અધિનિયમો


માહિતી નો અધિકાર (RTI) અધિનિયમ 2005 137
મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ (RTE) 2009 172
મફત અને ફરજિયાત (RTE) નિયમો 2012 197
ગુજરાત પ્રાથ શિક્ષણ અધિનિયમ 1947 220
મુંબઈ પ્રાથમિક શિક્ષણ વિનિયમો 1949 241
ગુજરાત શૈક્ષણિક સંસ્થા ટ્રિબ્યુનલ એક્ટ 2006 277
ગુજરાત મુલ્કી સેવા નિયમો (રજા) 2002 284
ગુજરાત મુલ્કી સેવા નિયમો (પેન્શન) 2002 340
બંધારણમાં શૈક્ષણિક જોગવાઈઓ 430
શૈક્ષણિક મનોવિજ્ઞાન 436
સામાન્ય ભવિષ્ય નિધિ – EPF – NPS 464
સાક્ષરતા અભિયાન 473

---

વન લાઈનર 436
શૈક્ષણિક વર્તમાન પ્રવાહો (કરંટ અફેર્સ) 462
મોડેલ પેપર 480
જવાબો 546

# શિક્ષણ પંચો અને સમિતિઓ

ભારત માં પ્રાચીન કાળ થી ગુરુકુળ શિક્ષણ પ્રણાલી પ્રચલિત હતી જેમાં સમયાનુસાર ફેરફારો થયા. નાલંદા, વલભી, વિક્રમશીલા જેવી મહાન યુનિવર્સિટીઓ ભારત માં અસ્તિત્વ ધરાવતી હતી જેમાં વિદ્યાર્થીઓ એ કઠિન પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ મેળવવા નો હતો ભારત તે સમયે વિદ્યા કેન્દ્ર તરીકે સમગ્ર વિશ્વ માં પ્રસિધ્ધ હતું .

મધ્યકાલીન યુગ માં શિક્ષણ ક્ષેત્રે ખાસ પ્રગતિ જોવા મળી નહીં ભારત માં પધ્ધતિ સર ના શિક્ષણ ની શરૂઆત કંપની શાસન સમય થી થઈ મેકોલે એ ભારત માં પધ્ધતિ સર ના શિક્ષણ ની શરૂઆત કરવા માં મહત્વ નો ફાળો આપ્યો જેથી તેને ભારત માં અંગ્રેજી શિક્ષણ ના પિતા તરીકે ઓળખવા માં આવે છે અંગ્રેજી શિક્ષણ પ્રથા એ ભારત માં શિક્ષણ નું સાર્વત્રિકરણ કરવા માં મહત્વ નો ફાળો આપ્યો પરંતુ સાથે સાથે શિક્ષણ નું વ્યવસાયીકરણ પણ થયું આ પ્રકરણ માં આપણે ઈ.સ.1813 થી લઈ ઈ.સ. 2020 ની નવી શિક્ષણ નીતિ સુધી માં રચાયેલા મહત્વ ના આયોગો, કમિશનો અને સમિતિ ઓ નો વિગતવાર અભ્યાસ કરીશું.

## મેકોલે મિનીટ્સ (1835)

- 1813નો ચાર્ટર એક્ટ એ આધુનિક શિક્ષણ તરફ દેશનું પ્રથમ નક્કર પગલું હતું. આ અધિનિયમ દ્વારા વિષયોને શિક્ષિત કરવાના હેતુસર વાર્ષિક રૂ. 1 લાખની રકમ ફાળવવામાં આવી હતી.'
- લોર્ડ મેકોલે 10 જૂન, 1834 ના રોજ ગવર્નર જનરલની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના કાયદા સભ્ય તરીકે ભારત આવ્યા અને જાહેર સૂચના સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત થયા.
- 2 ફેબ્રુઆરી, 1835ના રોજ, બ્રિટિશ ઈતિહાસકાર અને રાજકારણી થોમસ મેકોલેએ તેમનું 'મિનિટ ઓન ઈન્ડિયન એજ્યુકેશન' આપ્યું હતું,
- જેમાં ભારતીયો ને અંગ્રેજી શિક્ષણ મેળવવાની જરૂરિયાત સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### મુખ્ય બાબતો

- બ્રિટિશ સરકારનું મુખ્ય ધ્યેય ભારતીયોમાં યુરોપિયન સાહિત્ય અને વિજ્ઞાનને પ્રોત્સાહન આપવાનું હોવું જોઈએ,
- શિક્ષણના હેતુ માટે ફાળવવામાં આવેલ તમામ ભંડોળ માત્ર અંગ્રેજી શિક્ષણ પર જ ખર્ચવામાં આવશે.
- સરકારને ઉપલબ્ધ તમામ ભંડોળ ભવિષ્યમાં ભારતીયોને અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનનું જ્ઞાન આપવા માટે ખર્ચવામાં આવશે.
- ડાઉનવર્ડ ફિલ્ટરેશન થિયરી એ લોર્ડ મેકોલે દ્વારા વર્ષ 1835ના તેમના પ્રખ્યાત મેકોલેની મિનિટ્સમાં પ્રસ્તાવિત થિયરી છે , જે બ્રિટિશ ભારતના તત્કાલીન ગવર્નર જનરલને સુપરત કરવામાં આવી હતી.

# બીટ કેળવણી નિરીક્ષક

શિક્ષણ મા ભવ્ય સફળતા બાદ શિક્ષણ સાગર લઈને આવ્યું છે કેળવણી નિરીક્ષક(AEI) પરીક્ષા ની શિક્ષણ સાગર સંપાદિત 2023 લેટેસ્ટ બુક.

ગુજરાત મા પ્રથમ વખત સંપૂર્ણ અભ્યાસક્રમ ને આવરી લેતી કેળવણી નિરીક્ષક અને **શિક્ષણ વિભાગની** **સીધી ભરતી અને બઢતી પરીક્ષા** માટે ઉપયોગી બુક.

બુકની કિંમત રૂ. – 700

ડીસ્કાઉન્ટ રૂ. – 200

ઓનલાઇન કિંમત રૂ. – 500

આપની ઓનલાઇન ખરીદી પર કુરીયર ચાર્જ ફ્રી રહેશે

બુક નો ઓનલાઇન ઓર્ડર કરવા માટે

## અહી ક્લિક કરો

તમામ શિક્ષક મિત્રો સુધી પહોચાડો

- મૂલ્યાંકન નું પરિણામ અંકોમાં  ન દેતા ગ્રેડ ઉપર આધારિત હોવું જોઈએ.
- માધ્યમિક શિક્ષણમાં ગૃહ વિજ્ઞાનની અલગ વ્યવસ્થા કરવામાં આવે.
- માધ્યમિક શિક્ષણમાં સહ અભ્યાસિક શિક્ષણની વ્યવસ્થા કરવી.
- માધ્યમિક વિદ્યાલયોમાં ધાર્મિક શિક્ષણ આપી શકાય પરંતુ તેના માટે કોઈ પણ વિદ્યાર્થીઓને દબાણ કરી શકાય નહીં
- વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ શાળા સમય  પહેલા કે શાળા સમય બાદ  આપવું જોઈએ.
- તમામ વિદ્યાર્થીઓનું  એકવાર વર્ષમાં સ્વાસ્થ્ય પરીક્ષણ થવું જોઈએ.

## કોઠારી કમિશન(1964-66)

- 14 જુલાઈ 1964માં ભારત સરકાર દ્વારા ડો. દિલીપસિંહ  કોઠારીની અધ્યક્ષતામાં એક શિક્ષણ કમિશન  ની સ્થાપના કરવામાં આવી.
- આ કમિશનની નિમણૂક  2 ઓક્ટોબર 1964 ના રોજ કરવામાં આવી હતી.
- આ યુગમાં કુલ 17 સભ્યો હતા.જેમાં 5 સભ્યો વિદેશી હતા  જેમણે 29 જૂન 1966 ના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી એમ.સી. ઘગલાને પોતાનો રિપોર્ટ સોંપ્યો.
- કોઠારી કમિશન ભારતના શિક્ષણના ઈતિહાસમાં ‘મેગ્નાકાર્ટા’ તરીકે જાણીતું બન્યું હતું.
- સરકાર દ્વારા શિક્ષણ માટે રચવામાં આવેલું આ છઠ્ઠું પંચ હતું. પરંતુ વાસ્વતિક રીતે ભારતીય શિક્ષણ પદ્ધતિનો સંર્વાંગી અભ્યાસ કરનાર આ પ્રથમ પંચ હતું.
- આ કમિશન ના પરિણામ સ્વરૂપે વર્ષ 1968 ની શિક્ષણનીતિ અસ્તિત્વમાં આવી.

### કમિશન  ના મુખ્ય ઉદેશ્યો

- શિક્ષણને ઉત્પાદકતા સાથે જોડવું.
- રાષ્ટ્રીય હિન્દી ભાષાનો વિકાસ કરવો.
- સામાજિક ,નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ કરવો.
- શિક્ષણ દ્વારા રાષ્ટ્રનું આધુનિકરણ કરવું.
- પુરા દેશમાં એક સમાન શિક્ષણ પ્રણાલી પ્રસ્તાવિત કરવી.

### કમિશન  ની મુખ્ય ભલામણો

- ✦ કમિશને  દેશભરમાં 10+2+3 પેટન વાળી શિક્ષણ પ્રણાલીને માન્યતા આપી.

# આચાર્ય રામમૂર્તિ સમિતિ (1990)

- વર્ષ 1987 થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 નું અમલીકરણ શરૂ થઈ ગયું.
- પરંતુ વર્ષ 1990 માં નવી સંયુક્ત મોરચા ની સરકાર આવતા શિક્ષણ નીતિ માં જરૂરી ફેરફાર કરવા માટે આ સમિતિ ની રચના કરવા માં આવી.
- એ સમયે વી પી સિંહ દેશ ના વડા પ્રધાન હતા.
- 7 મે 1990 ના રોજ સંમિતિની રચના કરવા માં આવી હતી.
- આચાર્ય રામમૂતિ ગાંધીવાદી અને જ્યપ્રકાશ નારાયણના સહયોગી હતા.
- તેઓ સર્વોદય આંદોલન સાથે પણ જોડાયેલા હતા.
- આ સમિતિ એ 26 ડીસેમ્બર 1990ના રોજ ''પ્રબુધ્ધ અને માનવીય સમાજ તરફ'' to words an Enlighten and human Society' શિર્ષક હેઠળ પોતાનો રિપોર્ટ રજૂ કર્યો હતો.

## આ સમિતિના મુખ્ય ઉદેશો

- NEP 1986 નું મૂલ્યાંકન.
- NEP 1986 માં સંશોધન માટે ભલામણ.
- સંશોધિત NEP 1986 ના અમલીકરણ માટે ભલામણો.

## મુખ્ય ભલામણો

### પૂર્વ પ્રાથમીક શિક્ષણ

- પૂર્વ પ્રાથમિક શિક્ષણ ની પ્રગતિ ધણી મંદ હતી.
- આંગણવાડીનો વિસ્તાર કરવા માટેની ભલામણ કરી.

### પ્રાથમિક શિક્ષણ

- પ્રાથમીક શાળાના સાર્વભૌમિકરણ પર વધારે ભાર આપવો જરૂરી છે.
- વર્ષ 1990-91 સુધીમાં 50% શાળાને ઓપરેશન બ્લેકબોર્ડનો લાભ આપવાનુ લક્ષ્ય રખાયું હતું પરંતુ માત્ર 30 % સિધ્ધી પ્રાપ્ત થઈ છે

### માધ્યમિક શિક્ષણ

# શિક્ષણ નો ઇતિહાસ અને શિક્ષણ નીતિઓ

માનવજાતની શરૂઆતથી શિક્ષણ કોઈને કોઈ સ્વરૂપે અસ્તિત્વમાં છે. આ કારણ એ છે કે શિક્ષણ, શિક્ષણને સક્ષમ કરવાની પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, તે હંમેશા આવશ્યક રહ્યું છે. છેવટે, શિક્ષણ વિના, કોઈ પેઢી વિશ્વમાં તેની જવાબદારીઓને પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર નહીં હોય. દરેક નવી પેઢીને પાછલી પેઢીનું જ્ઞાન મળે છે અને પરિણામે દરેક નવી પેઢી વધુ સારી બને છે. ભારત દેશનો શિક્ષણ નો ઈતિહાસ ખુબ જ ભવ્ય રહ્યો છે. વિશ્વની સર્વશ્રેષ્ઠ વિદ્યાપીઠો ભારતદેશમાં આકાર પામી હતી. સમયાંતરે ભારત દેશની શિક્ષણ પ્રણાલીમાં સમયની માંગ મુજબ ફેરફાર થતા રહ્યા છે. જે નીચે મુજબના અભ્યાસથી જાણી શકાય છે

## પ્રાચીન ભારત ની શિક્ષણ વ્યવસ્થા

પ્રાચીન સમયમાં, ભારતમાં ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થા હતી. આ વ્યવસ્થામાં જો કોઈ અભ્યાસ કરવા માંગતા હતા તે ગુરુના ઘરે કે આશ્રમ માં રહી ને અભ્યાસ કરતાં સાથે સાથે ગુરુ ને રોજ બરોજ ના કામ માં મદદ પણ કરતાં હતા.તમામ બાળકો માટે સમાન શિક્ષણ વ્યવસ્થા હતી. રાજકુમારો પણ સામાન્ય વિદ્યાર્થીની જેમ શિક્ષણ મેળવતા હતા. પ્રાચીન ભારતમાં, શિક્ષણ મોટે ભાગે મૌખિક પરંપરા હતી.

### <u>વિશેષતા</u>

- વર્ષ 1820 માં વિલિયમ એડમ નામના એક અંગ્રેજે સમગ્ર ભારતમાં સર્વે કર્યો અને બ્રિટિન ની સંસદમાં એક રીપોર્ટ પ્રસ્તુત કર્યો કે 'ભારતમાં ગુરુકુળ ભારતની શક્તિ અને સમૃદ્ધિના મુખ્ય આધાર છે'. ભારતમાં ૨૦ થી પણ વધુ વિજ્ઞાનની શાખાઓ છે.
- જેમાં મુખ્યત્વે ખગોળશાસ્ત્ર, નક્ષત્રશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, સ્થાયત્વશાસ્ત્ર, વનસ્પતિ વિજ્ઞાન, નૌકા શાસ્ત્ર, યંત્ર વિજ્ઞાન, ચિકિત્સાલય વિજ્ઞાન અનેક વિષયોમાં ગુરુકુળોમાં સમૃદ્ધ વિદ્યા આપવામાં આવતી હતી. તેમજ ઉપનિષદ અને વેદોનું પણ શિક્ષણ આપવા માં આવતું હતું
- મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્ય હેઠળ, યુનિવર્સિટીઓ અને શાળાઓની સ્થાપના કરીને શિક્ષણ વધુ સંરચિત અને ઔપચારિક બન્યું.
- આ સંસ્થાઓ મુખ્યત્વે ગણિત, દવા, કાયદો અને ફિલસૂફી જેવા વિષયોના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી અને મોટાભાગે ઉચ્ચ વર્ગો માટે આરક્ષિત હતી.

- વિશ્વનો સૌથી મોટો વિદ્યાલય ભોજન કાર્યક્રમ છે.
- જો કોઇ કારણોસર શાળા ઓ માં ભોજન ન આપી શકાય તો આગળના માસની 15 તારીખ સુધીમાં કુકીંગકોસ્ટ સ્વરૂપે બાળકો ને રોકડ રકમ ચૂકવવા માં આવે છે
- ચુકવવામાં આવે છે.
- વર્ષ 2001 માં સુપ્રીમ કોર્ટ દ્વારા સમગ્ર દેશ માં તમામ વિધ્યાલયો માં આ યોજના લાગુ કરવા નો આદેશ અપાયો હતો.
- આ યોજનામાં આંગણવાડીઓનો પણ સમાવેશ કરવા માં આવે છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦

- આ નવી શિક્ષણ નીતિ 29 જુલાઇ 2020 ના રોજ જાહેર કરવા માં આવી હતી.
- ડૉ. કે. કસ્તુરીરંગન સંમિતિની ભલામણ ના આધારે આ નીતિ નું ઘડતર કરવા માં આવ્યું હતું.
- આ નીતિ હેઠળ માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય નું નામ શિક્ષણ મંત્રાલય કરવામાં આવ્યું આ અગાઉ વર્ષ 1985 માં રાજીવ ગાંધી દ્વારા શિક્ષણ મંત્રાલય નું નામ બદલી MHRD રાખવા માં આવ્યું હતું.
- વર્ષ 1968 અને 1986 બાદ આ સ્વતંત્ર ભારતની ત્રીજી રાષ્ટ્રીય શિક્ષણનીતિ હતી.
- - આ નીતિ માં કેન્દ્ર અને રાજ્ય સરકાર ધ્વારા શિક્ષણ માટે કુલ બજેટના 6% જેટલા ખર્ચનું લક્ષ્ય રખાયુ છે.
- વર્તમાનમાં પ્રચલીત 10+2 ની જ્ગ્યાએ 5+3+3+4 નું મોડેલ અમલમાં મુકાશે
- education અને learning પર વિશેષ ભાર મૂકવા માં આવશે
- આ નીતિ અનુસાર ધો-5 સુધી માતૃભાષામાં શિક્ષણ આપવા પર ભાર મૂકવા માં આવ્યો છે.
- સૌ પ્રથમ વાર 3 થી 6 વર્ષના બાળકો માટે ' બાળવાટિકા' નો નવો કોન્સેપ્ટ લાવવા માં આવ્યો છે.
- 6 થી 8 વર્ષના બાળકોના માટે ધો-1 અને 2 માં પ્રવેશ આપવા માં આવશે.
- વર્ષ 2030 સુધીમાં 100% GER કરવાનું લક્ષ્ય રાખવા માં આવ્યું છે.

### નવુ અભ્યાસ માળખું

| | | |
|---|---|---|
| (1) | ઉંમર 3 થી 6 વર્ષ | 3 વર્ષબાળવાટીકા |
| (2) | ઉંમર 6 થી 8 વર્ષ | 2 વર્ષ (ધો-1 અને 2) |
| (3) | ઉંમર 8 થી 11 વર્ષ | 3 વર્ષ (ધો 3 થી 5) |
| (4) | ઉંમર 11 થી 14 વર્ષ | 3 વર્ષ ( ધો 6 થી 8) |
| (5) | ઉંમર 14 થી 18 વર્ષ | 4 વર્ષ (ધો -9 થી 12) |

# શિક્ષણ સંસ્થાઓ અને શિક્ષણનું માળખું

## શિક્ષણ વિભાગ

- મે 1960 ના રોજ ગુજરાત રાજ્યની રચના થતા શિક્ષણ અને મજૂર વિભાગ નામનો એક સંયુક્ત વિભાગ અમલમાં આવ્યો
- તે સમયના શિક્ષણ વિભાગમાં સમાજ કલ્યાણ, મજૂર, નશાબંધી અને આબકારી તથા રોજગાર વિભાગનો સમાવેશ કરેલો હતો
- વહીવટી કારણોસર પાછળના વિષયો ક્રમશઃ શિક્ષણ અને મજૂર વિભાગ પાસેથી લઇ લવાયા અને ઓગષ્ટ,૧૯૭૬ થી શિક્ષણ વિભાગ તરીકેનો સચિવાલયનો એક અલગ વિભાગ અસ્તિત્વમાં આવ્યો.
- આ વિભાગ પ્રાથમિક શિક્ષણ, નિરંતર અને સાક્ષરતા શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ, ફાર્મસી શિક્ષણ સહિત શિક્ષણ અંગેની કામગીરી સંભાળે છે.
- શિક્ષણ વિભાગના વડા તરીકે બે સચિવો હોય છે જેમાં એક અગ્ર સચિવ શિક્ષણ અને એક સચિવ શ્રી પ્રાથમિક શિક્ષણ હોય છે
- આ એક વૈધાનિક બોર્ડ છે

**<u>મુખ્ય કાર્યો</u>**

શિક્ષણ વિભાગ, શિક્ષણને લગતી નીતિઓ ઘડે છે. એના અમલ પર પણ દેખરેખ રાખે છે અને માર્ગદર્શન તથા હુકમોના સ્વરૂપે આદેશો બહાર પાડે છે.

**<u>મુખ્ય શાખાઓ</u>**

- **ક શાખા**

  ૧) ઓપરેશન બ્લેકબોર્ડ યોજના

  ૨) સરહદી વિસ્તાર વિકાસ યોજના

  ૩) અપંગો માટેની સંકલિત શિક્ષણ યોજના

  ૪) સ્ટેટ પ્નોગ્રામ ઓફ એકશન ફોર ચાઈલ્ડ

  ૫) શિક્ષકોને રાષ્ટ્રીય પારિતોષક

  ૬) પ્રાથમિક શિક્ષણની લઘુત્તમ સિધ્ધિ,

  ૭) જિલ્લા પંચાયતોના શિક્ષણ સમિતિઓના શૈક્ષણિક સ્ટાફની નોકરીની શરતો.

# શૈક્ષણિક યોજનાઓ

## જ્ઞાનકુંજ યોજના

- ગુજરાત ની શાળા ઓ માં પ્રોજેક્ટર, લેપટોપ, ઇન્ફ્રારેડ કેમેરા,અને સલગ્ન સૉફ્ટવેર ની મદદ થી ઈંટરેક્ટિવ શિક્ષણ પધ્ધતિ થી વર્ગ શિક્ષણ આપવું એ આ પ્રોજેકટ નું મુખ્ય લક્ષ છે.
- વર્ગખંડોમાં પ્રોજેકટર, લેપટોપ, ઈન્ફ્રારેડ કેમેરા, સ્પીકર, વાયરલેસ રાઉટર, વ્હાઇટ બોર્ડ અને સંલગ્ન સોફ્ટવેરના સપ્લાય, ઈન્સ્ટોલેશન, મેઇન્ટેનન્સ, શિક્ષક તાલીમ અને ત્રણ માસ માટે શાળા કક્ષાએ ટેક્નિકલ સપોર્ટ પર્સન (TSP) દ્વારા હેન્ડ-હોલ્ડિંગ માટે એજન્સી M/s. IL&FS Education & Technology Services Ltd નિયત કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકાર દ્વારા 5 સપ્ટેમ્બર 2017 થી આ પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવેલ છે.
- પ્રથમ તબક્કામાં રાજ્યની 1200 શાળાઓમાં અને તમામ કેજીબીવી શાળાઓમાં આ પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવેલ હતું.
- આ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ સાત અને આઠમા ડિજિટલ વર્ગખંડો બનાવવામાં આવે છે.
- આ પ્રોજેક્ટ હેઠળ ઇન્ટરનેટ કનેક્શન માટે રૂપિયા દસ હજારની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.
- રાજ્યની 100 શાળાઓમાં વિદ્યાર્થીઓને મફત ટેબ્લેટ આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકાર દ્વારા મહારાષ્ટ્ર રાજ્યમાંથી પ્રેરણા લઈ આ પ્રોજેક્ટ ઊભો કરવામાં આવેલ છે.
- ધોરણ પાંચ થી આઠ માટે ઈ કન્ટેન્ટ તૈયાર કરવામાં આવેલ છે.
- હાલમાં ગુજરાતની 1609 શાળાઓમાં પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવેલ છે.
- રાજ્યના 33 જિલ્લા અને 242 તાલુકાઓમાં 2.85 લાખ બાળકો આ પ્રોજેક્ટનો લાભ લઈ રહ્યા છે.
- બીજા તબક્કામાં 12000 વર્ગખંડો ઊભા કરવામાં આવેલ છે.
- આ પ્રોજેકટ તાલીમ પામેલા tsp ને ત્રણ મહિના સુધી દરેક શાળાઓમાં હેન્ડ હોલ્ડિંગ કરવાનું હોય છે.
- e કન્ટેન હેઠળ 52 પાઠ્યપુસ્તકોના લગભગ 450 જેટલા યુનિટ કવર કરવામાં આવેલ છે.

## જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના

શૈક્ષણિક વર્ષ 2023 - 24 થી આ યોજનાનું અમલીકરણ કરવામાં આવશે. આ યોજના હેઠળ ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓને વાર્ષિક શિષ્યવૃતિ ચૂકવવામાં આવશે. શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીઓએ પરીક્ષા પસાર કરવાની રહેશે.આ યોજના હેઠળ ધોરણ 9 - 10 ના બાળકોને વાર્ષિક ₹ 20 000 અને ધોરણ 11 - 12 ના બાળકોને વાર્ષિક ₹ 25000 શિષ્યવૃત્તિ ચુકવવા માં આવે છે.

# શૈક્ષણિક સંસ્થાઓ ( પ્રાથમિક શિક્ષણ )

## NCERT

### NCERT (National Council of Educational Research and Trainning )

**પરિચય**

- વર્ષ 1961 માં ભારત સરકાર દ્વારા શાળા શિક્ષણમાં ગુણવત્તા મા સુધારો લાવવા અને રાજ્ય સરકારોને સહાય અને સલાહ દેવા માટે આ સંગઠનની સ્થાપના કરવામાં આવી છે.
- આ એક સ્વાયત સંગઠન છે.
- ધ્યેય વાક્ય - विद्यया अमृतमश्नुते છે.
- શાળા શિક્ષણ સાથે સંબંધિત ક્ષેત્રોમાં સંશોધન હાથ ધરવા, પ્રોત્સાહન આપવું અને સંકલન કરવું;
- મોડેલ પાઠ્યપુસ્તકો, પૂરક સામગ્રી, ન્યૂઝલેટર્સ, જર્નલ્સ તૈયાર કરવા અને પ્રકાશિત કરવા અને શૈક્ષણિક કિટ્સ, મલ્ટીમીડિયા ડિજિટલ સામગ્રી વગેરે વિકસાવવા.
- શિક્ષકોની સેવા પૂર્વ અને સેવામાં તાલીમનું આયોજન કરવું; નવીન શૈક્ષણિક તકનીકો અને પદ્ધતિઓનો વિકાસ અને પ્રસાર કરવો
- પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના લક્ષ્યોને હાંસલ કરવા માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરે છે
- શાળા શિક્ષણના ક્ષેત્રમાં અન્ય દેશો સાથે દ્વિપક્ષીય સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો માટે અમલીકરણ એજન્સી છે.
- એનસીઇઆરટી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ વાતચીત કરે છે અને કામ કરે છે, વિદેશી પ્રતિનિધિમંડળોની મુલાકાત લે છે અને વિકાસશીલ દેશોના શૈક્ષણિક કર્મચારીઓને વિવિધ તાલીમ સુવિધાઓ પ્રદાન કરે છે.
- આ સંગઠનની અધિકારીક ભાષા હિન્દી ,અંગ્રેજી અને ઉર્દુ છે
- હાલમાં તેના નિર્દેશક ડોક્ટર દિનેશ પ્રસાદ સકલાની છે.
- આ સંસ્થા ની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને શિક્ષણ સંબંધે સલાહ આપવાના ઉદેશથી સ્થાપના કરવામાં આવી છે.
- વર્ષ 1993 થી સંસદના એક એક્ટ દ્વારા આ સંસ્થાને એક સંવિધાનિક દરરજો આપવામાં આવ્યો.
- આ સંસ્થાનું મુખ્ય મથક નવી દિલ્હીમાં છે.
- NCERT નો મુખ્ય સિદ્ધાંત - વ્યક્તિ વિદ્યાથી અમૃતવ પ્રાપ્ત કરે છે તે છે .

# બીટ કેળવણી નિરીક્ષક

📗 શિક્ષણ મા ભવ્ય સફળતા બાદ શિક્ષણ સાગર લઈને આવ્યું છે 💥 કેળવણી નિરીક્ષક(AEI) પરીક્ષા ની શિક્ષણ સાગર સંપાદિત 2023 લેટેસ્ટ બુક.

🔶 ગુજરાત મા પ્રથમ વખત સંપૂર્ણ અભ્યાસક્રમ ને આવરી લેતી કેળવણી નિરીક્ષક અને **શિક્ષણ વિભાગની સીધી ભરતી અને બઢતી પરીક્ષા** માટે ઉપયોગી બુક.

📔 બુકની કિંમત રૂ. – 700

🤦 ડીસ્કાઉન્ટ રૂ. – 200

**ઓનલાઇન કિંમત રૂ. – 500**

**આપની ઓનલાઇન ખરીદી પર કુરીયર ચાર્જ ફ્રી રહેશે**

📘 બુક નો ઓનલાઇન 👇 ઓર્ડર કરવા માટે

## અહી ક્લિક કરો

🙏 તમામ શિક્ષક મિત્રો સુધી પહોચાડો 🙏

# શિક્ષણના તાજેતરના કાર્યક્રમો

## SOE

**SOE (School Of Exellence )**

બજેટ 2020-21 માં ગુજરાત સરકારે 500 સ્કૂલ ઓફ એક્સીલન્સ શાળાઓ વિકસાવવાની જાહેરાત કરી છે. આ કાર્યક્રમ છ વર્ષ (2021 થી 2026) સુધી માન્ય રહેશે. વિશ્વ બેંક એન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બેંક નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.

**મુખ્ય હેતુઓ**

- વર્ષ 2024 માં પીસા માટે ભાગીદારી નોંધાવવી
- સરકારી શાળાઓમાં નામ આકારમાં 20% નો વધારો કરવો
- 80% વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પતિઓમાં સફળતા પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવું
- NAS ના સ્કોરમાં સુધારો કરવો
- વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે.
- બધા વિદ્યાર્થીઓ પાયાનું વાચન, લેખન અને ગણન કૌશલ્ય મેળવે.
- સ્કૂલ એકેડીટેશન કાર્યક્રમ અંતર્ગત તમામ શાળાઓ ગ્રીન સ્ટાર મેળવે.
- શાળાઓમાં પર્યાપ્ત ભૌતિક અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોય.

**Soe નું મોડેલ**

**ત્રણ પ્રકારની સ્કૂલો રહેશે**

1. રેસિડેન્ટલ સ્કૂલ ઓફ એક્સલન્સ

- તાલુકામાં ઓછા માં ઓછી એક શાળા સ્થાપવા માં આવશે.
- રાજ્ય માં કુલ 350 શાળાઓ સ્થાપવા નું આયોજન છે.
- આ શાળા ઓ માં ધોરણ 6 થી 12 સુધીનું શિક્ષણ અને 300 વિદ્યાર્થીઓની ક્ષમતા હશે.
- પ્રવેશ પરીક્ષા ના મેરીટ ના આધારે પ્રવેશ આપવા માં આવશે.
- કુમાર અને કન્યા માટે હોસ્ટેલની સુવિધા હશે.
- આ શાળા ઓ માં કન્યા માટે ૫૦ ટકા અનામત રાખવા માં આવશે.
- કઈ કઈ સુવિધા ઓ નો સમાવેશ કરવા માં આવશે
- સ્માર્ટ ક્લાસ
- પુસ્તકાલય

# માહિતીનો અધિકાર અધિનિયમ 2005

## ઇતિહાસ

- ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝ પેપર વર્સિસ ભારત સંઘ 1985 સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે નાગરિકોને સરકારના સંચાલન સંબંધી માહિતી મેળવવાનો અધિકાર છે.
- હમ દર્દ દવાખાના vs ભારત સંઘ 1960 કેસમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સામાન્ય રીતના વિષય ઉપર વિચાર અને માહિતી ગ્રહણ કરવી એ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં સામેલ છે.
- હિંમતલાલ વર્સિસ પોલીસ આયુક્ત અમદાવાદ 1973 કેસમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે વિવિધ સ્ત્રોતમાંથી માહિતી પ્રાપ્ત કરવી એ લોક તંત્રમાં અધિકાર છે.
- દ્વિતીય પ્રેસ આયોગ 1982 અનુસાર લોકતંત્રનો આધાર જાગૃતિ અને જાણકાર જનમત ઉપર છે જનતા પોતાનો મત ત્યારે જ બનાવી શકે જ્યારે તેને પૂરતી જાણકારી હોય માટે એ જરૂરી છે કે સરકાર પાસે જે પણ કંઈ માહિતી છે તે જનતા માટે ઉપલબ્ધ હોય.
- 10 મી પંચવર્ષીય યોજનામાં એ કહેવામાં આવ્યું હતું કે સૂચનાનો અધિકાર દરેક નાગરિકોને ઉપલબ્ધ કરાવવામાં આવે તો વિકાસ યોજના નું અમલીકરણ સરળ થઈ જાય.
- ભારતના સૂચનાના અધિકાર માટેનું સૌથી મહત્વનો આંદોલન રાજસ્થાનના ખેડૂતો દ્વારા ચલાવવામાં આવ્યું હતું.
- અરુણા રોય અને નિખિલ ડે ના નેતૃત્વમાં હમારા પૈસા હમારા હિસાબ આંદોલન ચલાવવામાં આવ્યું.
- અરુણા રોયે 1987માં રાજસ્થાનના દેવડુંગરી ગામમાં મજદૂર કિસાન શક્તિ સંગઠન ની સ્થાપના કરી.
- આંદોલનને પગલે રાજસ્થાન વિધાનસભા દ્વારા મેં 2000માં સૂચના નો અધિકાર કાયદો પસાર કરવામાં આવ્યો.
- 26 જાન્યુઆરી 2001 માં રાજસ્થાનમાં સુચના નો અધિકાર કાયદો લાગુ થયો.
- સૂચના નો અધિકાર અધિનિયમ લાગુ કરનાર પ્રથમ રાજ્ય તમિલનાડુ હતું જેને 1997 માં આ કાયદો પસાર કર્યો હતો.
- બ્રિટિશ સરકાર દ્વારા 1923 માં શાસન ગોપનીયતા અધિનિયમ લાગુ કરવામાં આવ્યો હતો.
- સુચના નો અધિનિયમ લાગુ કર્યા પહેલા સરકારો 1923 ના અધિનિયમની કલમ પાંચ અને છ નો ઉપયોગ કરી જનતાથી સૂચનાઓ છુપાવતી રહી.
- સૂચનાના અધિકાર પ્રત્યેની જાગૃકતા 1975 માં ઉત્તર પ્રદેશ સરકાર vs રાજ નારાયણ કેસથી થઈ.
- વર્ષ 2002માં સંસદ દ્વારા સૂચનાની સ્વતંત્રતા વિધેયક ને પસાર કરવામાં આવ્યું પરંતુ તેને જાન્યુઆરી 2003માં રાષ્ટ્રપતિની મંજૂરી મળી પરંતુ નિયમાવલી બનાવવાના નામ પર તેને લાગુ કરવામાં ન આવ્યું.
- 15 જૂન 2005 ના રોજ સૂચના નો અધિકાર અધિનિયમને રાષ્ટ્રપતિની મંજૂરી મળી.
- 12 ઓક્ટોબર 2005 થી જમ્મુ કાશ્મીર ને છોડી સમગ્ર દેશ માટે લાગુ કરવામાં આવ્યો.

# મફત અને ફરજિયાત બાળ શિક્ષણ અધિનિયમ- ૨૦૦૯

૬ થી ૧૪ વર્ષના વર્ષના બાળકોને મફત તથા ફરજિયાત/અનિવાર્ય શિક્ષણની જોગવાઇવાળું વિધેયક સંસદનાં બંને સત્રોમાં જુલાઇ-ઓગસ્ટ- ૨૦૦૯માં પસાર કરવામાં આવેલું અને આ વિધેયકને રાષ્ટ્રપતિએ ઓગસ્ટ-૨૦૦૯માં મંજુરીની મહોર મારી. આ અધિનિયમને એપ્રિલ-૨૦૧૦થી સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવ્યો. આ સંબંધમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનો ફાળો/ગુણોત્તર ૬૫:૩૫ રાખવામાં આવ્યો છે. પૂર્વોત્તર રાજ્યો માટે આ ફાળો કેન્દ્ર/રાજ્યનો ૯૦:૧૦ રાખવામાં આવ્યો છે.

**<u>આ અધિનિયમની મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે</u>**

1. ૬થી ૧૪ વર્ષના પ્રત્યેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે.
2. આવા બાળકોને ૮મા ધોરણ સુધીનું શિક્ષણ નજીકની શાળામાં પ્રાપ્ત થાય તે જોવાની સરકારની જવાબદારી છે.
3. તમામ કેન્દ્રિય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, સૈનિક સ્કૂલ તેમજ અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં ઓછામાં ઓછાં ૨૫ ટકા સ્થાન/જગ્યાઓ આર્થિક દ્રષ્ટિએ નબળા વર્ગના લોકો માટે રહેશે.
4. પ્રત્યેક બાળક શાળાએ જાય એ જવાબદારી સર્વે શાસકો અને સ્થાનિક અધિકારિતાની રહેશે.
5. ચૂંટણી, વસ્તી ગણતરી તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિવાય શિક્ષકોને કોઇ અન્ય કાર્યોમાં ફરજ નહીં સોંપાય.
6. ટ્યૂશન પ્રથા પર પ્રતિબંધ.

**RTE એક્ટમાં કૂલ 7 પ્રકરણમાં 38 કલમો આપવામાં આવી છે આ તમામ કલમોનો સારાંશ નીચે મુજબ છે.**

**પ્રકરણ 1 પ્રારંભિક**

(1) ટૂંકું શીર્ષક, જમ્મુ કાશમીર સિવાય સમગ્ર ભારતમાં લાગુ, કેન્દ્ર સરકારના જાહેરનામાંની તારીખથી અમલી.

(2) અધિનિયમમાં આવતા વિવિધ શબ્દોની વ્યાખ્યા આપવામાં આવી છે.

**પ્રકરણ ૨ મફત અને ફરજીયાત શિક્ષણનો હક**

(3) ૬ થી ૧૪ વર્ષની ઉમરના બાળકને નજીકની શાળામાં શિક્ષણ મેળવવાનો હક્ક કોઈ ફી ચાર્જ ચુક્વવા માટે જવાબદાર નહિ.

(4) પ્રવેશ ન અપાયેલ અને પ્રાથમિક શિક્ષણ ન પૂરું કરી શકનાર ૬ વર્ષથી ઉપરની ઉંમરના બાળકને ( વય કક્ષા અનુસાર વર્ગમાં પ્રવેશ અને ખાસ તાલીમ મેળવવાનો હક.

(5) અન્ય કોપણ જગ્યાએ આવેલ શાળામાં બદલી મેળવવાનો બાળકને હક્ક છે.

**પ્રકરણ ૩ યોગ્ય સરકાર સ્થાનિક સત્તા તંત્ર અને માતા પિતા ની ફરજો**

(6) શાળા સ્થાપવા માટે યોગ્ય સરકારની ફરજો અધી નિયમની શરૂઆત થી ૩ વર્ષની અંદર શાળા સ્થાપવી.

# શૈક્ષણિક વર્તમાન પ્રવાહો (કરંટ અફેર્સ)

**(1) સાહિત્ય નું નોબલ પ્રાઇઝ**

- સાહિત્યનો નોબેલ પુરસ્કાર 2023 જોન ફોસને એનાયત કરવામાં આવ્યું હતું,તે ફ્રાંસ ના વતની છે
- સાહિત્યમાં નોબેલ પુરસ્કાર સ્વીડિશ એકેડેમી, સ્ટોકહોમ, સ્વીડન દ્વારા એનાયત કરવામાં આવે છે. 2023 માટે નોબેલ પુરસ્કારની રકમ સંપૂર્ણ નોબેલ પુરસ્કાર દીઠ સ્વીડિશ ક્રોનર (SEK) 11.0 મિલિયન પર સેટ કરવામાં આવી છે.
- **‘ plays and prose which give voice to the unsayable."નામની કૃતિ માટે એનાયત કરવા માં આવ્યો છે**

**(2) સરક્કા કેન્દ્રિય ટ્રાઈબલ યુનિવર્સિટી**

- **તેલંગાણા માં સ્થાપના કરવા માં આવી છે જેનો લાભ આંધ્ર અને તેલંગાણા બને ને મળશે**
- કેન્દ્રીય કેબિનેટે સરાક્કા સેન્ટ્રલ ટ્રાઇબલ યુનિવર્સિટીને મંજૂરી આપી છે જે તેલંગાણાના મુલુગુ જિલ્લામાં શરૂ થશે.

**(3) દિવ્યાંગો માટે નું ભારત નું પ્રથમ હાઈ ટેક સ્પોર્ટ્સ સેન્ટર**

- વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જી એ મધ્યપ્રદેશ ના ગ્વાલિયર ખાતે તેનું ઉદ્ઘાટન કર્યું હતું.
- અટલ બિહારી વાજપાઇ જી ના નામ પર તેનું નામ રાખવા માં આવ્યું છે જેનો ઉદેશ રમત માં દિવ્યાંગ જનો ને સમાન તક આપવા નો છે

**(4) એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)**

- nep 2020 હેઠળ પ્રસ્તાવિત એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC), નું જુલાઈ 2021 માં અનાવરણ કરવામાં આવ્યું હતું.
- ABC હેઠળ, વિદ્યાર્થીઓને બહુવિધ પ્રવેશ અને બહાર નીકળવાના વિકલ્પો આપવામાં આવશે.
- UGC દ્વારા તેનું સેટ અપ કરવા માં આવ્યું છે.
- આનાથી વિદ્યાર્થીઓ ડિગ્રી અથવા કોર્સ છોડી શકે છે અને તેને અનુરૂપ પ્રમાણપત્ર મેળવી શકે છે અને ચોક્કસ સમય પછી ફરીથી અભ્યાસમાં જોડાય છે અને જ્યાંથી તેઓએ અભ્યાસ છોડ્યો હતો ત્યાંથી શરૂ કરવામાં સક્ષમ બને છે.
- ABC વિદ્યાર્થીની શૈક્ષણિક ક્રેડિટનો રેકોર્ડ રાખશે. તે કોઈપણ અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓ પાસેથી સીધા જ કોઈ ક્રેડિટ કોર્સ દસ્તાવેજ સ્વીકારશે નહીં , પરંતુ માત્ર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંથી, જેમણે વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવવું પડશે.
- ઉદાહરણ તરીકે, જો બીકોમનો વિદ્યાર્થી એક કોલેજમાં અભ્યાસ કરે છે, તો તે એક વર્ષ પછી કોલેજ બદલી શકે છે. તે અથવા તેણી વિરામ પછી સમાન અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે.

- ત્યાં સુધી, તે એક વર્ષમાં વિદ્યાર્થીએ મેળવેલી ક્રેડિટ તેમના ABC ખાતામાં જાળવવામાં આવશે અને જ્યારે વિદ્યાર્થી અન્ય કોઈ કૉલેજમાં તે જ કોર્સમાં ફરી જોડાય ત્યારે તેનો ઉપયોગ કરી શકાશે.

## (5) ઇન્સ્ટીટ્યુશન ઓફ એમિનન્સ સ્કીમ

- ચર્ચા માં કેમ - આ યોજના માં પસંદ થયા બાદ ઘણી સંસ્થા ઓ , હજુ પણ ત્રણ વર્ષથી વધુ સમયથી IOE સ્ટેટસની રાહ જોઈ રહી છે.
- કેન્દ્ર સરકારે દેશમાં 20 પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા માટે IoE યોજના ઘડી હતી.
- આ યોજના 2017 માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા રજૂ કરવામાં આવી હતી જેમાં IoE સ્કીમને સૂચનાના પાંચ વર્ષની અંદર માન્યતા પ્રાપ્ત કરવાની આવશ્યકતા હતી.
- વીસ સંસ્થાઓ (10 જાહેર અને 10 ખાનગી સંસ્થાઓ) ને અનુદાન પ્રાપ્ત થયું, અને પસંદ કરેલી સંસ્થાઓમાંથી 11 ને એપ્રિલ 2021 માં સંસ્થાનો પ્રતિષ્ઠિત દરજ્જો મળ્યો.
- રાષ્ટ્રીય સંસ્થાકીય રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) માં ટોચના 50 ક્રમે સંસ્થા હોવી જોઈએ
- આંતરાસ્રીય કક્ષા એ ટોપ 500 માં હોવી જોઈએ
- IOE ટેગ હેઠળની જાહેર સંસ્થાઓને રૂ. 1,000 કરોડની સરકારી ગ્રાન્ટ મળશે, જ્યારે ખાનગી સંસ્થાઓને આ યોજના હેઠળ કોઈ ભંડોળ મળશે નહીં.

## (6) સ્કૂલ ઓફ એમિનન્સ

પંજાબ સરકાર નો પ્રોજેકટ છે જે હેઠળ પ્રથમ શાળા 5 સપ્ટેમ્બર ના રોજ લોન્ચ કરવા માં આવી છે

આ પ્રોજેકટ માટે બજેટ માં 200 કરોડ ફાળવવા માં આવ્યા છે

આ યોજના ના મુખ્ય પિલર છે

(1) ઇન્ફ્રા સ્ટ્રક્ચર

(2) એકેડમિક

(3) હ્યુમન રિસોર્સ મેનેજમેંટ

(4) સ્પોર્ટ્સ

# શૈક્ષણિક મનોવિજ્ઞાન

## શૈક્ષણિક મનોવિજ્ઞાનની સંકલ્પના

- ✦ શૈક્ષણિક મનોવિજ્ઞાન એટલે શિક્ષણને લગતું (ક્ષેત્રનું) મનોવિજ્ઞાન.
- ✦ મનોવિજ્ઞાનના નિયમો, સિદ્ધાંતો અને પ્રવિધિઓને શિક્ષણના ક્ષેત્રમાં પ્રયોજિત કરતી વ્યાવહારિક મનોવિજ્ઞાનની શાખા.
- ✦ શિક્ષણનું ક્ષેત્ર એટલે શૈક્ષણિક વાતાવરણમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આંતરક્રિયા. આ આંતરક્રિયા સમજવા, તેને વધુ અસરકારક બનાવવા, તેમાં ઉદ્દભવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા મનોવિજ્ઞાન વિષયનો વિનિયોગ કરતું શાસ્ત્ર એટલે શૈક્ષણિક મનોવિજ્ઞાન.

શૈક્ષણિક મનોવિજ્ઞાન વિશે સામાન્ય સમજ મેળવ્યા પછી તેની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

## શૈક્ષણિક મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ

- ✍ શૈક્ષણિક મનોવિજ્ઞાન શૈક્ષણિક પરિસ્થિતિઓમાં થતા માનવવર્તન સાથે સંબંધિત છે. – સ્કિનર
- ✍ શૈક્ષણિક મનોવિજ્ઞાન વ્યક્તિના જન્મથી વૃદ્ધાવસ્થા સુધીના શિક્ષણપ્રદ અનુભવોનું વર્ણન કરી તેની સમજૂતી આપે છે.
  – ક્રો એન્ડ ક્રો
- ✍ શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનના એ તથ્યો અને સિદ્ધાંતોનો અભ્યાસ કરે છે કે જે શિક્ષણની પ્રક્રિયાને સમજવામાં અને સુધારવામાં મદદરૂપ છે. – કોલેસ્નિક
- ✍ શૈક્ષણિક મનોવિજ્ઞાન એ શિક્ષણનો પ્રયોગસિદ્ધ આધારભૂત પાયો છે. – આર્થર સી. કોલાર્ડસી
- ✍ શૈક્ષણિક મનોવિજ્ઞાન એ શિક્ષણનું વિજ્ઞાન છે. – પીલ
- ✍ શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અર્થ
- ✍ શૈક્ષણિક મનોવિજ્ઞાન એ શૈક્ષણિક પરિસ્થિતિમાં થતા વર્તનનો અભ્યાસ કરે છે. જ્ઞાન મેળવવું, સમજ પ્રાપ્ત કરવી, કૌશલ્યો શીખવાં, રસ કેળવવો, વલણ શીખવાં, ટેવો પાડવી વગેરે શૈક્ષણિક પરિસ્થિતિનાં ઉદાહરણ છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાન વ્યક્તિના જન્મથી વૃદ્ધાવસ્થા સુધીના અધ્યયન અનુભવો વર્ણવે છે અને તેની સમજ આપે છે.

તે શિક્ષકને વિધ્યાર્થી ના અધ્યયનમાં મદદરૂપ થવા અંગે માર્ગદર્શન પૂરું પાડે ' છે.

# સામાન્ય ભવિષ્ય નિધિ (GPF)

- ➩ જીપીએફનું સંપૂર્ણ સ્વરૂપ સામાન્ય ભવિષ્ય ભંડોળ છે.
- ➩ આ એક બચત યોજના છે જે ભારતમાં સરકારી કર્મચારીઓની નાણાંકીય જરૂરિયાતોને પૂર્ણ કરે છે.
- ➩ 1960 માં રજૂ કરાયેલ, સરકાર ભંડોળનું સંચાલન કરે છે. કર્મચારી અને સરકાર તેમાં યોગદાન આપે છે. આ ભંડોળનો મુખ્ય ઉદ્દેશ સરકારી કર્મચારીઓ માટે નિવૃત્તિની આવકનો આશ્રિત સ્રોત પ્રદાન કરવાનો છે.
- ➩ કર્મચારીઓ સેવામાંથી નિવૃત્તિ અથવા રાજીનામું પર તેમની બચતને ભંડોળમાંથી પાછી ખેંચી શકે છે.
- ➩ જીપીએફ ત્રિમાસિકમાં સુધારેલ સ્પર્ધાત્મક વ્યાજ દર પણ પ્રદાન કરે છે.
- ➩ જીપીએફ સરકારી કર્મચારીઓ માટે ફરજિયાત યોજના છે, જેમાં તેમને ભંડોળ માટે તેમના પગારની ચોક્કસ ટકાવારીમાં ફાળો આપવાની જરૂર છે.
- ➩ જીપીએફ યોજના પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત કરવામાં આવે છે, જે કર્મચારી, જાહેર ફરિયાદો અને પેન્શન મંત્રાલય હેઠળ આવે છે.
- ➩ PF ફ્લેક્સિબલ છે, જે કર્મચારીઓને લગ્ન, શિક્ષણ અને તબીબી ઇમરજન્સી જેવા વિવિધ કારણોસર ભંડોળમાંથી પૈસા ઉપાડવાની મંજૂરી આપે છે.

## જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF) કેવી રીતે કામ કરે છે ?

- ➩ કર્મચારીઓએ તેમના નિયોક્તા સાથે GPF એકાઉન્ટ ખોલવું જરૂરી છે, સામાન્ય રીતે સર્વિસમાં જોડાવાના સમયે.
- ➩ કર્મચારીના પગારની ટકાવારી માસિક રીતે કાપવામાં આવે છે અને તેમના GPF એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે.
- ➩ વર્તમાન માર્ગદર્શિકા મુજબ, જીપીએફ કપાત દર કર્મચારીના મૂળભૂત પગારના 6% પર નિર્ધારિત કરવામાં આવે છે, જે દર મહિને ન્યૂનતમ ₹500 ને આધિન છે. જો કે, આ દર વિવિધ રાજ્ય અને કેન્દ્ર સરકારની સંસ્થાઓના નિયમો અને નિયમોના આધારે બદલાઈ શકે છે.
- ➩ કર્મચારીઓ તેમની પસંદગી મુજબ GPF કપાતમાં પણ વધારો કરી શકે છે.
- ➩ કર્મચારીઓ ચોક્કસ શરતોને આધિન, તેમના GPF એકાઉન્ટ પર પણ લોન લઈ શકે છે.
- ➩ જે કર્મચારીઓ અન્ય સરકારી વિભાગમાં ટ્રાન્સફર કરે છે અથવા તેમની નોકરી છોડી દે છે તેઓ તેમના GPF બૅલેન્સને પાછી ખેંચી શકે છે અથવા તેને તેમના નવા નિયોક્તાને ટ્રાન્સફર કરી શકે છે.

# સાક્ષરતા અભિયાન અને સતત શિક્ષણ નું મહત્વ

## રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાન

- ભારત માં 5 મે 1988 માં સાક્ષરતા અભિયાન ની શરૂઆત તત્કાલિન વડા પ્રધાન રાજીવ ગાંધી દ્વારા કરવા માં આવી હતી
- આ કાર્યક્રમમાં વાંચન લેખન અને અંક ગણિત પર વધારે ભાર મૂકવામાં આવ્યો હતો
- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં સામાજિક મુદ્દાઓ પ્રત્યે પણ જાગૃતિ લાવવાનો હતો
- નવ સાક્ષરોને સમાજના વંચિત વર્ગોના વ્યવસાયિક શિક્ષણ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો
- આ કાર્યક્રમ સાથે શાળાઓમાં નામાંકન, રસીકરણ, મહિલા સશક્તિકરણ, પરિવાર નિયોજનનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું
- આ કાર્યક્રમ અનુસાર 1990 સુધીમાં 3 કરોડ જ્યારે 1995 સુધીમાં પાંચ કરોડ લોકોને સાક્ષર બનાવવાનો ઉદ્દેશ હતો
- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વર્ષ 2007 સુધીમાં દેશની સાક્ષરતાનો દર 75% સુધી પહોંચાડવાનો હતો
- સાક્ષરતાના લિંગ અંતરમાં 10% નો ઘટાડો કરવાનો પણ ઉદ્દેશ હતો

## રાષ્ટ્રીય સાક્ષરતા મિશન સાથે જોડાયેલા મુખ્ય કાર્યક્રમો

(1) સંપૂર્ણ સાક્ષરતા કાર્યક્રમ

(2) ઉત્તર સાક્ષરતા કાર્યક્રમ

(3) સતત શિક્ષણ કાર્યક્રમ

### (1) સંપૂર્ણ સાક્ષરતા કાર્યક્રમ

- આ એક સમય બદ્ધ કાર્યક્રમ હતો
- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ 15 થી 35 વર્ષની વય જૂથના લોકોને પાયાની સાક્ષરતા આપવાનો હતો
- આ કાર્યક્રમનો અંદાજિત સમયગાળો 12 થી 18 મહિનાનો હતો

### (2) ઉત્તર સાક્ષરતા કાર્યક્રમ

- સંપૂર્ણ સાક્ષરતા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેને લાગુ કરવામાં આવે છે
- આ કાર્યક્રમ નવ સાક્ષરોને કૌશલ્ય શિક્ષણ પૂરું પાડવા માટેનો હતો
- આ કાર્યક્રમનો અંદાજિત સમયગાળો એક વર્ષનો હતો

# બીટ કેળવણી નિરીક્ષક

📗 શિક્ષણ મા ભવ્ય સફળતા બાદ શિક્ષણ સાગર લઈને આવ્યું છે 💥કેળવણી નિરીક્ષક(AEI) પરીક્ષા ની શિક્ષણ સાગર સંપાદિત 2023 લેટેસ્ટ બુક.

🔶ગુજરાત મા પ્રથમ વખત સંપૂર્ણ અભ્યાસક્રમ ને આવરી લેતી કેળવણી નિરીક્ષક અને શિક્ષણ વિભાગની સીધી ભરતી અને બઢતી પરીક્ષા માટે ઉપયોગી બુક.

📓બુકની કિંમત રૂ. – 700

💁 ડીસ્કાઉન્ટ રૂ. – 200

ઓનલાઇન કિંમત રૂ. – 500

આપની ઓનલાઇન ખરીદી પર કુરીયર ચાર્જ ફ્રી રહેશે

📘 બુક નો ઓનલાઇન 👇ઓર્ડર કરવા માટે

## અહી ક્લિક કરો

🙏 તમામ શિક્ષક મિત્રો સુધી પહોચાડો 🙏